ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૮
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૩૧ /૦૫/૨૦૨૨

// પરિપત્ર //

વિષયઃ- નિગમની પૂર્ણ વિકસીત વસાહતોમાં આનુસાંગિક સુવિધાના ભાગરૂપે વીજ સબસ્ટેશન માટે સરકારી કંપનીને જમીનની ફાળવણી કરવા બાબત.

સંદર્ભઃ- (૧) નિયામક મંડળશ્રીની સભાના ઠરાવ ક્રમાંકઃ ૦૪/પ્રિ-વિતરણ/૫૧૬, તા.૦૫/૦૫/૨૦૨૨.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૧૯, તા.૨૦/૦૬/૨૦૧૮.

નિગમની જુદી-જુદી વસાહતોમાં પ્લોટ/શેડ/વાણિજય મિલકતોની વિગેરેની ફાળવણી સાથેસાથે વસાહતની આનુષાંગિક સુવિધાઓ જેવી કે, સ્કૂલ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કોમ્યુનીટી હોલ, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઓફિસ માટે, આંગણવાડી, વીજ સબસ્ટેશન માટે જમીન ફાળવણી કરવામાં આવે છે. જેમાં ઉદ્યોગોને વીજ પૂરવઠા માટે પ્રાથમિક સુવિધાના ભાગરૂપે વીજ સબસ્ટેશન માટેની પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને લઇ નિગમની અનસેચ્યુરેટેડ વસાહતોમાં ફકત સરકારશ્રી સંચાલિત કંપનીને વીજ સબસ્ટેશન અને ગેસ સબસ્ટેશન માટે મહત્તમ ૫૦૦૦ ચો.મી. સુધી જમીન જે તે ઝોનને અનુલક્ષીને પ્રવર્તમાન વિતરણ દરના ૫૦% દરે જમીન ફાળવવા અંગેની નિગમની ઉકત સંદર્ભ (૨) દર્શિત નીતિ અમલમાં છે.

સદર બાબતે નિગમની ૫૧૬મી સભામાં થયેલ ઠરાવ અનુસાર "પૂર્ણ વિકસીત વસાહતોમાં" વીજ સબસ્ટેશનના હેતુ માટે સરકારશ્રી સંચાલિત કંપનીને મહત્તમ ૫૦૦૦ ચો.મી. સુધી જમીન પ્રથમ વખત પ્રવર્તમાન વિતરણ દરના ૫૦% દરે યુટીલીટી પ્લોટ/ઔદ્યોગિક પ્લોટની ફાળવણી કરવાની રહેશે તેમજ ૫૦૦૦ ચો.મી.થી વધુના વિસ્તાર માટે પ્રવર્તમાન વિતરણ દરના ૧૦૦% રકમ વસૂલ કરી ફાળવણી કરવાની રહેશે.

વધુમાં, સરકારશ્રી સંચાલિત કંપની ધ્વારા પૂર્ણ વિકસીત વસાહતોમાં જો અગાઉ વીજ સબસ્ટેશનના હેતુ માટે જમીનની ફાળવણી થઇ ગયેલ હોય, ત્યારબાદ ફરી વીજ સબસ્ટેશનના હેતુ માટે મળતી જમીન ફાળવણીની ઓનલાઇન અરજીઓ અન્વયે જે-તે વિસ્તારના પ્રવર્તમાન વિતરણ દરના ૧૦૦% રકમ વસૂલ કરી યુટીલીટી પ્લોટ/ઔદ્યોગિક પ્લોટની ફાળવણી કરવાની રહેશે.

ઉપરોકત બાબત અંગેની તમામ સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રહેશે.

સહી/-
(એમ. થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
નાયબ મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર